વડીલોને વંદન અભિનંદન

મહેન્દ્રકુમાર એમ. પરીખ
(૧૯૫૦)ફોન: ૨૩૨૩૦૯૧૧

ગઢવી વસંતભાઈ શક્તિદાન
(૧૯૫૩)ફોન: ૨૩૨૪૪૪૫૫

ગઢવી સુભદ્રાબેન વસંતભાઈ
(૧૯૫૨)ફોન: ૨૩૨૪૪૪૫૫

આઉટસોર્સીંગ પદ્ધતિ સરકારનું ગમે ત્યારે દેવાળીયુ ફુંકી નાંખશે...!

આઉટ સોર્સીંગના તમામ કર્મચારીઓનું પોલીસ વેરીફીકેશન અંતર્ગત એસ.પી.એ લખેલા પત્રને સરકારે ગંભીરતાથી ન લીધો...!

ગાંધીનગર, તા. ૧૯

સરકારમાં ચાલી રહેલી આઉટસોર્સીંગ પદ્ધતિ અત્યંત જોખમી અને ભ્રષ્ટાચારીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. કર્મચારી કોણ છે અને ક્યાંથી આવ્યો છે તે જાણ્યા વિના કે તેના પુર્વ ઈતિહાસ પર નજર નાંખ્યા સિવાય ભરતી થઈ ગયેલા આ કર્મચારીઓને વિભાગોમાં એવી મહત્વની કામગીરી સોંપી દેવાય છે કે તે કર્મચારી નજીવા પગાર ઉપરાંતના ક્માવવા ખેલ પાડી દેતા અચકાતો નથી. આ પદ્ધતિ સરકારનું ગમે ત્યારે દેવાળીયુ ફુંકી નાંખે તો નવાઈ નહી..! કેમ કે ગાંધીનગર એસ.પી.એ વિભાગોમાં લખેલા પત્રને પણ ગંભીરતાથી લેવામાં આવ્યો નથી જે પત્રમાં આઉટસોર્સીંગના તમામ કર્મચારીઓનુ પોલીસ વેરીફીકીશન ફરજીયાત કરાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

તાજેતરમાં બિરસામુંડા ભવનમાં થયેલી રૂ. ૧૧.૬૦ કરોડની માતબર રકમની ઉચાપત આઉટસોર્સીંગ દ્વારા જ રાખવામાં આવેલા બે આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવી હતી. આ ચોંકાવનારી ઘટના બાદ ગાંધીનગર એસપી શરદ સિંઘલ દ્વારા જી.એ.ડી.માં તથા સચિવાલયમાં પત્ર લખીને લેખીતમાં સરકારને આ ગંભીરતા સમજાવવા પ્રયત્ન કર્યો છે. આઉટસોર્સીંગ પરના કર્મચારીઓના પોલીસ વેરીફીકેશન ફરજીયાત કરવા સંદર્ભનો આ પત્ર જાણે સરકારને ગળે ઉતર્યો જ નથી કે ગળે ઉતારવા માંગતી નથી...? આ પ્રકરણ બાદ પોલીસને આઉટસોર્સીંગમાં ભરતી દરમ્યાન ચાલતી પોલમપોલ જાણવા મળી છે. જેથી આ પત્ર લખવા પોલીસ મજબુર બની પરંતુ આ પદ્ધતિના ઉપયોગથી જ રૂપિયા ગણવામાં મદમસ્ત વિભાગોને પત્ર વાંચવાનો પણ રસ પડે...!?

નજીકના દિવસોમાં જ અઢીસો કરોડની ઉચાપત બહાર આવે તેવી શક્યતા...!

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૦માં જ સ્થિત એક કચેરીમાંથી અઢીસો કરોડ રૂપિયાની માતબર રકમના હિસાબનો ગોટાળો બહાર આવે તેવી શક્યતા છે. વર્ગ-૧ સંવર્ગના અધિકારી એક મહિનાથી રજા ઉપર ઉતરી ગયા છે. ૭૦ ટકા ગ્રાન્ટનો હિસાબ જ મળતો નથી. એટલે કે અઢીસો કરોડ રૂપિયાની ગ્રાન્ટનો કોઈ હિસાબ મળતો નથી અને આ હિસાબ મેળવવા કચેરીના તમામ ઉચ્ચ અધિકારીઓ ઉંચા-નિચા થઈ ગયા છે. જો આ હિસાબ નહી મળે તો આ અંગે પણ ઉચાપતની ફરીયાદ નજીકના દિવસોમાં દાખલ થાય તેવી શક્યતા છે.

ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના દ્વિ વાર્ષિક અધિવેશન નિમિત્તે પુસ્તક વિમોચન કરવામાં આવ્યું હતું. તેમજ મંડળના ૧૦૫, સિનિયર કર્મચારીઓને પ્રમાણપત્ર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રસંગે ધારાસભ્ય અશોકભાઈ પટેલ, નિયામક એન.આઈ. પટેલ, કે.બી. વ્યાસ, મણીલાલ સુથાર, દાતા મધુબેન પટેલ સહિત મોટી સંખ્યામાં મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

રામપુરા ગ્રામ પંચાયત સમરસ

પ્રાંતિજ તાલુકાની રામપુરા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ તમામ સભ્યોની બિન હરિફ વરણી થતા પંચાયત સમરસ જાહેર થઈ હતી. રાપુરા ગ્રામ પંચાયત સમરસ થતા સરપંચ પદે કાન્તાબેન નરસિંહભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી હતી. તેમજ પંચાયતના તમામ સભ્યોની પણ સદસ્ય તરીકે નિમણુંક કરવામાં આવી હતી.

પ્રાંતિજમાં પોલિયો વિરોધી ઝુંબેશ યોજાઈ

પ્રાંતિજ, તા.૧૯

પોલિયો મુકત ભારત બનાવવાની ઝુંબેશના ભાગરૂપે આરોગ્ય વિભાગ દ્વારા આજે પોલિયો મુકતા ગુજરાતના બોનાર હેઠળ પાંચ વર્ષથી નાનાં વયના તમામ બાળકોને પોલિયો વિરોધી રસીના ટીપા પીવડાવવામાં આવ્યા હતા. આ ઝુંબેશના સંદર્ભે પ્રાંતિજમાં ૮૪ બુથો પર કુલ ૨૩૨૦૦ બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતાં.

પ્રાંતિજના મોયદ ગામમાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, ભાગપુરમાં પૂર્વ ધારાસભ્ય દિપસિંહ રાઠોડ, સીતવાડામાં જિલ્લા પંચાયતના પ્રમુખ જયેન્દ્રસિંહ રાઠોડે હાજર રહી બુથ પર બાળકોને પોલિયો વિરોધી રસીના ટીપાં પીવડાવી શુભારંભ કર્યો હતો.

તાલુકાના ૮૪ બુથો પર આરોગ્ય વિભાગના ૩૮૪ જેટલા કર્મચારીઓ પોલિયો રસીકરણ ઝુંબેશમાં જોડાયા હતા. તાલુકાના ગામડાઓમાંથી લોકોએ બાળકોને લઈ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નીતિમાં સુધારો.... ● પહેલા પાનાનું ચાલુ

સમીક્ષા કરવાની જરૂયિાત સરકારને જણાઈ હતી.

રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓ અધિકારીને ૫૦-૫૫ વર્ષે સેવામાં ચાલુ રાખવા કે કેમ તેની સમીક્ષા અંગેની હાલની જોગવાઈઓમાં નીતિ વિષયક ફેરફારો કરવા સંદર્ભે વિચારણા કરવા માટે નાણા મંત્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષપદે ત્રણ મંત્રીઓની એક સમિતી રચના કરવામાં આવી છે. આ સમિતિમાં મહેસુલ અને માર્ગ મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને ઉર્જા અને પેટ્રો કેમીકલ્સ મંત્રી સૌરભભાઈ પટેલનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગે એક ઠરાવ કર્યો છે. આ સમિતિએ સરકારી અધિકારી કર્મચારીઓની ૫૦-૫૫ વર્ષે સેવા સમીક્ષા અંગે હાલની નીતિના વિવિધ પાસાની ચકાસણી કરીને તેની ભલામણો સૂચનો રાજ્ય સરકારને રજુ કરવાના રહેશે. સમિતિની કાર્ય અવધિ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે ત્યાં સુધીની રહેશે. આ ઉપરાંત સમિતિનું વડુમથક ગાંધીનગર રહેશે. સમિતિની બેઠકો અધ્યક્ષ તેઓને યોગ્ય લાગે તે સ્થળે અને સમયાંતરે બોલાવી શકશે.

બુલેટ ટ્રેન.... ● પહેલા પાનાનું ચાલુ

મોદીએ પોતાના ભાષણમાં ચા વાળાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, આજે દેશના દરેક ચા વાળા હિમ્મતથી ફરી રહ્યા છે. કોંગ્રેસ એક વિચારધારા છે. આ અંગે મોદીએ કહ્યું હતું કે, કોંગ્રસની વિચારધારા શું છે તે તો અમે જાણતા નથી પરંતુ સમગ્ર કોંગ્રેસ હાલમાં વિચારણામાં પડેલી છે. મોદીએ એમ ઉમેર્યું હતું કે, રાહુલને પીએમ પદના ઉમેદવાર તરીકે જાહેર નહીં કરવાનું કારણ રાજકીય તો છે જ પરંતુ એક માનવીય કારણ પણ છે. જ્યારે હાર સામે હોય ત્યારે કોઈ માતા પોતાના પુત્રને કઈ રીતે આગળ કરી શકે છે જેથી માતાએ પુત્રને બચાવી લીધો છે.મોદીએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, યુપીએ-૧ માં મનમોહનસિંહને પીએમના ઉમેદવાર કોંગ્રેસના સાંસદોએ બનાવ્યા હતા કે કેમ. જ્યારે ૧૯૮૪માં રાજીવ ગાંધીને પીએમ બનાવવા માટે સાંસદોની બેઠક પણ થઈ નહતી. કોંગ્રેસ પરંપરાની વાત કરે છે પરંતુ જ્યારે દેશ સરદાર પટેલને પીએમ બનાવવા ઈચ્છતું હતું ત્યારે તેમને પીએમ બનાવવામાં આવ્યા નહતા.

શબ્દાવલી - ૫૨૯૨

૧	૨		૩		■	૪	૫
૬		■		■	૭		
	■	૮			■		■
૯			■		૧૦	■	૧૧
	■	૧૨	૧૩				
૧૪	૧૫	■		■			
■	૧૬	૧૭	■	૧૮			
૧૯			■		■	૨૦	

આડી ચાવી

૧. ખુબ માલદાર, ધનવાન(૫)
૪. ચુપ રહેવું તે, મુનિવ્રત(૨)
૬. અગુંઠાની શોભા એટલે.... (૨)
૭. પલંગ, સેટી (૩)
૮. વય, ઉંમર (૩)
૯. રસ્સી માર્ગ, દોરડા પરનો રસ્તો (૩)
૧૨. આઘુપાઘુ, આડુ અવળુ(૬)
૧૪. ગંજીફાના પાનાની એક રમત (૨)
૧૬. વાસણ (૨)
૧૮. ટપાલ (૨)
૧૯. સાંબેલુ (૩)
૨૦. શોભા, ચળકાટ (૨)

ઊભી ચાવી

૧. કૈલાશ શિખર પાસેનું પ્રસિદ્ધ સરોવર (૬)
૨. ટૂંકો નિબંધ (૨)
૩. મકાનમાં અજવાળા માટેનું બાકુ (૩)
૪. અસલ, મૂળ, મુખ્ય (૩)
૫. જૂના જમાનાનો પૈસો (૨)
૮. જુસ્સો, ગુસ્સો (૩)
૧૦. લાફો, લપાટ (૪)
૧૧. ભૂકંપ, ધરતીનું ડોલવું તે(૫)
૧૩. ટાલ (૨)
૧૫. ગવ્યાસ, મીઠું હોય તે (૩)
૧૭. ગોબર, છાણ (૨)
૧૮. ધમકી, લુખ્ખી (૨)

શબ્દાવલી ૫૨૯૧ના જવાબ

આડી ચાવી :- (૧) આચરણ (૩) વિશાળ (૪) રતવા (૬) સમોવડુ (૯) પળ (૧૦) ખગ (૧૨) કલાઇ (૧૩) પુરવણી (૧૭) ટચ (૧૮) અલગ (૨૦) પુરણ (૨૧) હેલ્પ

ઊભી ચાવી :- (૨) આહાર (૨) રખેવાળ (૩) વિસામો (૫) તપ (૬) સહેલાણી (૭) વખ (૮) ડુંગર (૧૧) મા (૧૨) કવચ (૧૪) રટણ (૧૫) છલ (૧૬) દ્રાપુ (૧૮) અલ્પ (૧૯) ગજ

લોકસંસદ... ● ત્રીજા પાનાનું ચાલુ

સેન્ટર સામે ગાર્ડન આગળ શોપીંગ આગળ પેવીંગ કરેલાં ખુલ્લી જગ્યાના ઘાસ ઉગતા ઓટલા જેના કોર્નર ગોળાઈને બદલે ચોરસ રાખેલા છે જે ટ્રાફીક માટે અયોગ્ય અને અડચણરૂપ છે તે હટાવી દેવા જોઈએ. ટુંકમાં લારી-ગલ્લાને ઝુંપડાની નાબુદી કરવી જોઈએ. ફૂટપાથ-પાર્કિંગ વિ.માં. ચૂસ્ત અમલ કરાવવો જોઈએ. રોડફૂટપાથ કે પાર્કિંગમાં દબાણ કરનારને દંડ કરવો અથવા પકડી લેવા જોઈએ. આવા કામ માટે હોમગાર્ડ્સની મદદ લઈ શકાય. અકસ્માત માટે શહેરના ખુલ્લા -સીધા રોડ છે જે ઝડપ માટે લલચાવે છે. વચ્ચે ડિવાઈડરમાં છોડ ઉઘાડ્યા છે પરંતુ તે ચારરસ્તા આવે ત્યાં વળવાની જગ્યા સુધી હોય છે તેથી રોડ ક્રોસ કરતાં ખૂબ સાચવવું પડે છે. ડીવાઈડરના છોડને ચાર રસ્તા જ્યાંથી વળવાનું છે ત્યાંથી લગભગ ૫૦થી ૧૦૦ ફૂટ દૂરથી સાવ નાનાં છોડ જ રાખવા જોઈએ.

ડીવાઈડરને જેમ ચ-૦ સર્કલથી કોબા કે ઈન્દ્રોડા સર્કલ સુધી જાળી નાંખી બંધ કરે છે તેમ દરેક રસ્તાના ડિવાઈડર પર જાળી નાંખવી જોઈએ જેથી માણસો-પ્રાણીઓ કે વાહન આવી ન શકે. અકસ્માત માટે આ ખૂબ જ જરૂરી છે. વચમાં લોખંડની રેઈલીંગ નાંખવી જોઈએ જેથી કોઈ અચાનક ડીવાઈડર કૂદી રોડ પર ન આવે. હમણાં બાંકડાનું બહુ જોર ચાલ્યું છે. રોડ પર, ચાર રસ્તા પરત પબ્લીસીટી માટે નગરસેવકો-ધારાસભ્યો બાંકડા મુકાવે છે. રોડ ઉપર ચાર રસ્તા પર ટ્રાફીકની ધમાલ હોય છે. લોકો બાઈક, ગાડી મુકી બાંકડા પર બેસવા આવે છે. જે ટ્રાફીક માટે અડચણરૂપ છે અને અકસ્માત નોતરે છે. દરેક ચાર રસ્તા પર લારી-ગલ્લાવાળા પણ ધરાકીને લીધે બેસી જાય છે. તે દૂર કરવા જોઈએ. તેને લીધે ટ્રાફીક વધે છે. ચાર રસ્તા પર આઈસ્ક્રીમ પાર્લર ચાલે છે તેથી ત્યાં જ ટ્રાફીક અડચણરૂપ વધી જાય છે.

સેક્ટર-૨૧માં ખૂબ પ્રોબ્લેમ છે. સરકારે પાર્કિંગ પ્લેસ બનાવ્યા છે છતાંય પે એન્ડ પાર્ક બનાવી ચુસ્તપણે, કડક બની પાર્કિંગ કરતાં શીખવાડવું પડશે. લારી-ગલ્લા-પાથરણા-ઝુંપડા બધાને દૂર કરવા તથા દંડ અથવા પકડવાથી જ ઘણો પ્રોબ્લેમ દૂર કરી શકાશે. સેક્ટર-૧૧માં પણ પે એન્ડ પાર્ક ચુસ્તપણે અમલ - દંડ કરી, લારી ગલ્લા દૂર કરાવવા જોઈએ.

સે. ૧૬, સે. ૧૨, સે. ૭ બધે જ લારી-ગલ્લાને ફિક્સ જગ્યા આપી, પાર્કીંગ માટે જગ્યા વ્યવસ્થિત કરી આપવી જોઈએ દંડ વીના કોઈ સુધરશે નહિ. હમણાં જ જોયું કે ચ રોડથી સેક્ટર-૨૧માં દાખલ થવાની જગ્યાએ એટલા બધાં પાથરણા-બૂટ ચંપલ, પ્લાસ્ટીક વાસણઓ, ફૂલઝાડ, વિ. ધંધાવાળા પથારી પાથરીને બેઠા હતા. એવા જામી ગયેલા કે મોટા શો-રૂમ હોય. ત્યાંથી તેમને હટાવવા તારની ફેન્સિંગ કરી દીધી છે. તેથી હવે ૨૧માં જવાનો રસ્તો ખુલ્લો થઈ ગયો છે. ટ્રાફિક પણ ઓછો થઈ ગયો છે. આવું જ દરેક સેક્ટરમાં દાખલ થવા માટે મેઈન રોડથી અંદર આવીયે ત્યાં ફૂટપાથ સાથે તારની ફેન્સિંગ કરી દેવી જોઈએ તેથી ટ્રાફિકમાં અડચણ ના થાય - દબાણ પણ ન થાય.

સેક્ટર-૨૨માં પંચદેવ મંદિર જતાં ટેક્ષીઓ વાળા ધામા નાંખે છે. લારી-ગલ્લાવાળા પણ બેસી જાય છે. તેમાં પણ ફૂટપાથને અડીને તારની ફેન્સિંગ કરી દેવી જોઈએ તેથી ટ્રાફિક ક્લીયર રહે. ટૂંકમાં દરેક સેક્ટરવાઈઝ એકવાર સર્વે કરવો જોઈએ. ક્યાં ભીડ થાય છે, ટ્રાફિક કેવો રહે છે, લારી-ગલ્લા નડતરરૂપ લાગે તો દૂર કરવા જોઈએ. મેઈન અંદરના રોડ પરના દબાણો દૂર કરવા જોઈએ. મેઈન અંદરના રોડ પરના દબાણો દૂર કરવા જોઈએ. શોપીંગ સેન્ટર પર સાંજે જઈ તપાસ કરવી જોઈએ.

કોમર્શીયલ કોમ્પલેક્ષ આગળ તો ટુ વ્હીલરનો ત્રાસ હોય છે. ગમે તેમ મુકે દે છે. જેથી ગાડીઓ મુકવાની જગ્યા નથી રહેતી. દરેકને તેની પ્રોપર જગ્યાએ જ પાર્કિંગ કરવાની ફરજ પાડવી જોઈએ. દંડ કરવો જોઈએ. લારી-ગલ્લાને કન્ટ્રોલ કરવા કરવા કોઈ શખ્ત કાયદો કરવો જોઈએ. જરૂર પડે જગ્યાઓને તાર ફેન્સીંગ કરવી જોઈએ. અકસ્માત નિવારવા ડીવાઈડરમાં ગ્રીલ કે તાર-જાળી લગાવવી, ફૂલછોડ વ્યવસ્થિત લગાવવા જોઈએ. જરૂર પડે ત્યાં 'બમ્પ' મુકવા જોઈએ, બની શકે ચારરસ્તા જ્યાં આઈલેન્ડ નથી ત્યાં ક્રોસ માટે ટ્રાફિક લાઈટ મુકવી જોઈએ.

ટાઈમ લાઈન... ● છેલ્લા પાનાનું ચાલુ

રજ્જાં છે, બીજી તરફ સરકાર પણ ઉદ્યોગજૂથોને લલચાવી રહી છે, કારણ કે તેમને લોકસભાની ચૂંટણી માટે ફંડફાળો જોઈએ છે... સચિવાલયમાં ગુજરાત કેડરના એક અધિકારીએ હસતાં હસતાં કહ્યું હતું કે હાલ ઉદ્યોગ અને સરકાર વચ્ચે ઈલુ ઈલુ ચાલી રહ્યું છે...

નરેન્દ્ર મોદી વર્સિસ રાહુલ નહી પણ કોંગ્રેસ હશે...

લોકસભા માટે દેશની બે મહત્વની પાર્ટીઓ માટે હવે ફાઈટ નિશ્ચિત બની ચૂકી છે. ભાજપના નરેન્દ્ર મોદી વિરૂદ્ધ રાહુલ ગાંધી નથી, પણ આખી કોંગ્રેસ છે. મોદીની વ્યક્તિગત ફાઈટ છે, સામાપક્ષે કોંગ્રેસનો સામૂહિક પડકાર છે, કારણ કે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ રાહુલ ગાંધીને વડાપ્રધાનના ઉમેદવાર બનાવવાનો ઈન્કાર કરી દીધો છે. રાહુલ પણ ૨૦૧૯ સુધી રાહ જોશે તેવું લાગી રહ્યું છે..

ચૂંટણી આચારસંહિતા આવે તે પહેલાં યુપીએ સરકાર કેટલાક પ્રજાલક્ષી નિર્ણયો લેવા માગે છે જેમાં પેટ્રોલ અને ડિઝલના ભાવ ઘટાડાનો પણ સમાવેશ થાય છે, એટલે કે આવનારા દિવસોમાં મોંઘવારીમાં કેટલીક રાહતો મળે તેવા અણસાર છે. રાહુલ ગાંધી વડાપ્રધાનના દાવેદાર નહીં હોવાથી મોટી માટે મુશ્કેલી વધી છે, તેમણે હવે ચૂંટણી પ્રચારની સ્ટેટેજી બદલવી પડે તેમ છે. સચિવાલયના એક સેક્રેટરીનું કહેવું છે કે કોંગ્રેસે વડાપ્રધાનના નામ અંગેની સ્ટેટેજી બદલીને ભાજપને ફટકો માર્યો છે અને કોંગ્રેસના અન્ય સિનિયર નેતાઓને ખુશ કરી દીધા છે...

શંકરસિંહ વાઘેલા લોકસભાની ચૂંટણી લડશે....

ગુજરાત કોંગ્રેસમાંથી લોકસભાના ઉમેદવારો કોણ હશે.. તેની ચર્ચાએ પાર્ટી કાર્યકરોમાં જોર પકડ્યું છે. એવું મનાય છે કે વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા લોકસભાની ચૂંટણી લડશે. કોંગ્રેસના બે થી ત્રણ ધારાસભ્યોને પણ ટીકીટ મળવાના ચાન્સ વધી રહ્યાં છે. કોંગ્રેસના રાજકોટના સાંસદ કુંવરજી બાવળીયા અને સુરેન્દ્રનગરના સાંસદ સોમાભાઈ પટેલની ટીકીટ કાપી શકાય તેમ નથી, કારણ કે આ બન્ને સમાજના વગદાર નેતાઓ છે. નરહરિ અમીન અને વિઠ્ઠલ રાદડિયાના ભાજપ પ્રવેશ પછી કોંગ્રેસમાં મજબૂત પટેલ ઉમેદવારોની ખોટ વર્તાય છે. પટેલ સમાજમાં પાર્ટી પાસે માસ લીડર કહી શકાય તેવો એકપણ ચહેરો નથી...

ચૂંટણી ગમે તે આવે, કોંગ્રેસમાં ત્રણ કે તેથી વધુ વાર હારી ચૂકેલા ઉમેદવારોના દાવા વધતા જાય છે જેના કારણે યુવા કાર્યકરોને તક મળતી નથી. જો કોંગ્રેસ નવા ઉમેદવારને ટીકીટ આપવા જાય છે તો જૂના ખાઈ બદેલા નેતાઓ તેને હરાવવાનો જોરદાર પ્રયાસ કરે છે, એટલે કોંગ્રેસ માટે સૌથી મોટું જોખમ ઉમેદવાર પસંદગીનું છે. વિધાનસભાની ચૂંટણીમાં અનેક જગ્યાએ બળવાખોરી થઈ હતી, તેવું લોકસભામાં ના થાય તેની તકેદારી રાખવા હાઈકમાન્ડે આ વખતે ખાસ સૂચના આપી છે. કોંગ્રેસ લોકસભામાં યુવા અને મહિલાઓને પ્રાધાન્ય આપે તેમ જણાય છે, એ સાથે મજબૂત પટેલ લિડરશીપ ઉભી કરવા પટેલ સમાજમાંથી પણ કેટલાક નવા ચહેરા પસંદ કરે તેવી સંભાવના નકારી શકાય તેમ નથી...

મોદી એમપી નહી પણ વડા-ધાનના દાવેદાર છે...

ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં ભાજપમાં કોઈ ભય નથી, કારણ કે લોકસભાના ૨૬ ઉમેદવારો માત્ર એક જ વ્યક્તિ પસંદ કરશે અને તે છે નરેન્દ્ર મોદી. વિસ્તારમાં લોકપ્રિય અને જીતી શકે તેવા ઉમેદવારોને ટીકીટ આપવાની પાર્ટીની નિતી છે, જો કે ભાજપમાં આ વખતે મોદીના નામથી ઉમેદવારો જીતી શકે છે, કારણ કે ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતમાંથી સંસદસભ્ય નહીં, વડાપ્રધાન પદના દાવેદાર આપી રજ્જા છે. મોદી મતદારોમાં આજે પણ લોકપ્રિયતાની ટોચ ઉપર છે, તેઓ જે ઉમેદવાર પસંદ કરે તેની ઉપર મતદારો મહોર લગાવશે તેવું પાર્ટીમાં ચર્ચાઈ રજ્જું છે.

ભાજપના વર્તમાન સંસદસભ્યોને જોખમ એટલા માટે છે કે તેમની ટીકીટ કન્ફર્મ નથી. અડવાણીના સમર્થક એવા ચાર સાંસદોને ટીકીટ કપાવાનો વધુ ભય સતાવે છે. ત્રણ કે તેથી વધુ ટર્મથી સાંસદ રહેલા નેતાઓને બાદ કરીને આ વખતે પાર્ટી કેટલાક નવા ચહેરાને પસંદ કરવા માગે છે. આમ પણ ભાજપને બળવાખોરીનો કોઈ ભય એટલા માટે નથી કે ભૂતકાળના અનુભવથી જણાયું છે કે ભાજપના બળવાખોર નેતાઓ ચૂંટણીમાં સફળ રજ્જાં નથી. પાર્ટી છોડનારાઓનું રાજકારણ પૂર્ણ થઈ ચૂક્યું છે, જે લોકો પાછા આવ્યા છે તેઓ કોઈને કોઈ પદ મળવાની લાલચમાં ખૂણો પાળીને બેસી રજ્જાં છે...

ગુજરાતમાં રાજ્યસભાના ચાર નવા ચહેરા...

ગુજરાતમાં રાજ્યસભાની ખાલી પડતી ચાર બેઠકો પૈકી એક કોંગ્રેસ અને ત્રણ ભાજપને ફાળે જાય છે. કોંગ્રેસ માટે શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડિયા પ્રમુખ દાવેદાર છે તો ભાજપમાં લાલકૃષ્ણ અડવાણી, અમિત શાહ, કૌશિક પટેલ, આઈ.કે.જાડેજાના નામો ચર્ચામાં આવ્યા છે. કોંગ્રેસના સભ્ય અલકા ક્ષત્રિય તેમજ ભાજપના ભરતસિંહ પરમાર, પુરૂષોત્તમ રૂપાલા અને નટુજી ઠાકોર છ વર્ષની ટર્મ પૂર્ણ કરીને નિવૃત્ત થઈ રજ્જાં છે. આ ચારેય ઉમેદવારો રિપીટ થાય તેવું લાગતું નથી એટલે રાજ્યસભામાં ચાર નવા ચહેરાઓ આવે તો નવાઈ પામવા જેવું નથી...

ગુજરાતમાં રાજ્યસભાની કુલ ૧૧ બેઠકો છે જે પૈકી ચાર બેઠકોની ચૂંટણી ૭મી ફેબ્રુઆરીએ યોજવાની થાય છે. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ અગાઉ ગાંધીનગરથી લોકસભાની ચૂંટણી લડવાની જાહેરાત કરી છે પરંતુ તેમને રાજ્યસભા માટે તૈયાર કરવામાં આવી રજ્જાં હોવાની માહિતી સૂત્રો મારફતે મળી છે. જો તેઓ ઈન્કાર કરે તો રાષ્ટ્રીય ભાજપ એક નવો ચહેરો ગુજરાતમાં ઉતારશે કે જે બિન ગુજરાતી હશે. હવે પછીની રાજ્યસભાની ખાલી પડતી ત્રણ બેઠકોની ચૂંટણી ઓગષ્ટ-૨૦૧૭??? આવે છે, જેમાં અહમદ પટેલ, સ્મૃતિ ઈરાની, દિલીપ પંડ્યા નિવૃત્ત થાય છે

યુપીએ સરકારે ગોલ્ડના ભાવનું માર્કેટીગ કર્યું નહી....

ગુજરાતમાં પ્રત્યેક સમાજ સુખી છે. ખેડૂતોને જમીનના કરોડ..કરોડ...ના ભાવ મળે છે. ઉચ્ચ શિક્ષણમાં રાજ્યએ પ્રગતિ કરી છે. રાજ્યમાં રોજગારીનો આંકડો સમગ્ર દેશમાં સૌથી વધુ વધુ છે... ઔધોગિક ક્ષેત્રે ગુજરાત પ્રથમ હરોળમાં છે...ગુજરાત વિકાસના નકશામાં ખૂબ આગળ છે...આ મોદી સરકારનું માર્કેટીગ છે. આવું માર્કેટીગ યુપીએ સરકાર કેમ કરી ન શકી, તે એક સવાલ છે. આરટીઆઈનો કાયદો યુપીએ સરકારમાં આવ્યો, સૌને માટે આરોગ્ય અને સૌને માટે અન્નનો કાયદો પણ બનાવ્યો છે. બીઆરટીએસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો મોટો ફાળો કેન્દ્રનો છે, છતાં માર્કેટીગમાં શૂન્ય....યુપીએ સરકારને કામ કરતા આવડે છે, માર્કેટીગ કરતા આવડતું નથી. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના જ શબ્દો છે કે"વિરોધપક્ષને માર્કેટીગ કરતાં સારૂં આવડે છે...". સવાલ એ છે કે મશીનરી હોવા છતાં યુપીએ સરકાર માર્કેટીગમાં પાછળ કેમ રહી ગઈ છે.

સચિવાલયમાં એક અધિકારીએ કહ્યું હતું કે યુપીએ શાસનમાં આજે ગોલ્ડનો ભાવ ૩૦,૦૦૦ થી ૩૧,૦૦૦ની સપાટીએ છે છતાં ગોલ્ડનું કોઈ માર્કેટીગ કર્યું નહીં. આ એક ઉપલબ્ધિ જ છે ને..!! રોકાણ કરીને લોકો કરોડો રૂપિયા કમાયા છે...૧૯૨૧માં ૧૦ ગ્રામ સોનાનો ભાવ માત્ર ૨૧ રૂપિયા હતો. ૧૯૫૦માં સોનાનો ભાવ ૮૫ રૂપિયા થયો અને ૧૯૮૦માં વધીને ૧૩૩૦ રૂપિયા થયો, ત્યારબાદ ૧૯૯૦માં સોનાનો ભાવ ૩૨૦૦ રૂપિયા તેમજ ૨૦૦૭માં ૯૭૦૦ રૂપિયા જોવા મળ્યો. સોનાના ભાવમાં જંગી ઉછાળો તો ૨૦૦૮માં આવ્યો અને ૧૦ ગ્રામનો ભાવ ૧૨,૭૦૦ રૂપિયા થયો અને ૨૦૧૦??? તો ૧૮૭૦૦ રૂપિયાની સપાટીએ પહોંચી ગયો... ૨૦૧૧ થી ૨૦૧૩??? ગોલ્ડનો ભાવ ૩૧૦૦૦ રૂપિયાની આસપાસ રજ્જો છે, છતાં યુપીએ સરકાર તેને સિદ્ધિ ગણતી નથી...

૨ કરોડનો ફ્લેટ ... ● છેલ્લા પાનાનું ચાલુ

લઈને ભાગી ગઈ હતી. ત્યારબાદ પરેશે જુઠુ બોલીને બીજી યુવતીને ફસાવી. પોતે દિલ્હી રહેતો હોવાનું અને માતા-પિતા યુ.એસ. સ્થાયી હોવાનું કહીને એક લગ્ન પ્રસંગમાં મળેલી યુવતી સાથે તેણીએ ૧૬ જાન્યુઆરીએ ઉચાપતના રૂપિયાથી જ ભવ્ય સગાઈ મુંબઈ ખાતે કરી હતી. મુંબઈ પહોંચીને પરેશે રૂ. ૨ કરોડનો ગોરેગાંવમાં ફ્લેટ લીધો, ભવ્ય સગાઈ કરી, ૧૩ કિલો સોનુ લીધુ, એક વેગનઆર ગાડી લીધી અને થોડો હિસ્સો સાથી કલ્પેશ ચોકસીને આપ્યો તથા બીજા રૂપિયા વિવિધ બેંકોમાં જમા કરાવ્યા હતા. કલ્પેશના જણાવ્યા પ્રમાણે તેના પિતા આયુર્વેદિક ડૉક્ટર હતા અને તાજેતરમાં જ તેમનું અવસાન થયેલું છે. પોલીસે બન્ને શખ્સોની ધરપકડ કરીને આ ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ફિક્સ પગારદાર... ● ત્રીજા પાનાનું ચાલુ

તેનો ખાસ્સો ગેરલાભ ઓપન કેટેગરીના યુવાનોને થાય છે અને તેમની કારકીર્દી રોળાઈ જાય છે. અત્યારના આધુનિક શિક્ષણમાં ઉચ્ચ શિક્ષણ અર્થે એક વિદ્યાર્થીને લગભગ ૨૮ વર્ષની ઉંમર સુધી અભ્યાસ કરવો પડે છે ત્યાર બાદ તેને માત્ર ૨ વર્ષ જ નોકરીની તક માટે મળે છે. વળી જીપીએસસીની ભરતી આઠ વર્ષે થતી હોવાથી યુવાનો આ તકથી પણ વંચિત રહી જાય છે. અન્ય કેટેગરીમાં કેટલાક છુટના વર્ષો મળે છે. પરંતુ ઓપન કેટેગરી માટે આ વય મર્યાદા અન્યાયી બની રહી છે. જેને વધારવા પણ માંગણી કરવામાં આવી છે.

આજે કરાયેલા ધરણામાં મંડળના રાજ્યમાંથી દરેક જિલ્લા અને તાલુકાના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સરકાર દ્વારા જો સત્વરે ઉકેલ નહીં લાવવામાં આવે તો વધુ જલદ આંદોલન કરવામાં આવશે તેની ચિમકી ઉચ્ચારાઈ હતી. યુવાનોની વાસ્તવિક દીશા અંગે વહેલી તકે નિર્ણય લઈ વ